## જન્મદિને વધામણી



અશોકભાઈ ચીમનલાલ ભાવસાર
મો. ૯૭૩૭૧ ૭૯૭૬૪



નિકુંજકુમાર પી પટેલ
મારૂતિ મંડપ ડેકોરેટર્સ
મો. ૯૭૧૪૫ ૯૧૬૦૧

### રાજયભરની ૧૩ આદર્શ નિવાસી શાળાઓનું

# એસ.એસ.સી. બોર્ડનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૯

રાજયમાં ગઈકાલે જાહેર કરવામાં આવેલ એસ.એસ.સી. બોર્ડના સરેરાશ ૬૭.૫૦ ટકા પરિણામ સામે બક્ષીપંચ જાતિની વિકસતી જાતિ કલ્યાણ હેઠળની રાજ્યભરની કુલ-૩૩ પૈકી ૧૩ સરકારી આદર્શ નિવાસી શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ તેમજ કુલ સરેરાશ ૯૬ ટકા પરિણામ આવ્યું છે તેમ સમાજ કલ્યાણ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારએ જણાવ્યું છે.

સમાજ કલ્યાણ મંત્રી શ્રીએ આજે પરિણામ અંગે વધુ વિગત આપતા કહ્યું હતુ કે, ૩૩ માધ્યમિક શાળા પૈકી ૧૩ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. ૧૬ શાળાઓનું પરિણામ ૯૦ થી ૯૯ ટકાની વચ્ચે જયારે બે શાળાઓનું પરિણામ ૮૦ થી ૮૯ ટકા આવ્યું છે. નાપાસ થયેલ વિદ્યાર્થીઓને જુલાઈ માસમાં પૂરક પરીક્ષા દ્વારા ૧૦૦ ટકા પરિણામ લાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. એક દાયકાથી ‘મ્ઝની આ આદર્શ નિવાસી શાળાઓને કેટલાંક વર્ષોમાં તો રાજ્યભરમાં સરેરાશ ૯૯ થી ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરીને સેન્ટ ઝેવિયર્સ અને ગુરૂકૂળ જેવી ખાનગી સંસ્થાઓની પણ બરોબરી કરી છે. પછાત વર્ગોની શાળાઓના એસ.એસ.સી. બોર્ડના શ્રેષ્ઠ પરિણામ બદલ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે તેમજ રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહિરે નિયામક શ્રી કે.જી.વણઝારા સહિત તમામ વિદ્યાર્થીઓ, આચાર્યો અને શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.

### ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

# કૉલેજોમાં શૈક્ષણિક સત્ર જુલાઈથી

## ધોરણ-૧૨ના મોડા પરિણામના કારણે ૧૫મી જુલાઈ પહેલા કોલેજો શરૂ ન થઈ શકે તેવી સ્થિતિ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં આગામી તા.૧૫મી જૂનથી શૈક્ષણિકસત્રનો પ્રારંભ કરી દેવાનો નિર્ણય કરાયો હતો. મહત્વની વાત એ કે દર વર્ષની જેમ આ વખતે પણ ધોરણ-૧૨ના મોડા પરિણામના કારણે ૧૫મી જુલાઈ પહેલા કોલેજો શરૂ ન થઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

રાજ્યની દરેક કોલેજોમાં એક સરખું એકેડેમિક કેલેન્ડર જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વાર ગતવર્ષે ખાસ પરિપત્ર બહાર પડાયો હતો. આ વખતે પણ તાજેતરમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓની બેઠક મળી ત્યારે તેમાં ૧૫મી જૂન સુધીમાં કોલેજોમાં અભ્યાસ શરૂ કરી દેવા તાકીદ કરવામાં અવી હતી. સૂત્રો કહે છે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ હજુસુધી આવ્યું નથી. આગામી તા.૩૧મીએ પરિણામ આવ્યા બાદ ૧૫ દિવસમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી શકાય તેવી ક્ષમતા એકપણ યુનિવર્સિટી તંત્ર પાસે નથી.

આ ઉપરાંત બી.એસસીમાં પણ હજુસુધી ડિગ્રી ઈજનેરી અને મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ ન થાય ત્યાંસુધી પ્રવેશ કન્ફર્મ થાય તેમ નથી. ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ બાદ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવે તો પણ એકમાસ સુધી કાર્યવાહી ચાલે તેમ છે.

સરકાર દ્વારા ૧૫મી જૂન સુધીમાં કોઈપણ સંજોગોમાં પહેલો રાઉન્ડ પુરો કરીને શિક્ષણ શરૂ કરી દેવાની તાકીદ કરવામાં આવી હતી પરંતુ આ વખતે આ સમયમર્યાદામાં પહેલો રાઉન્ડ પુરો થાય તેવી પણ કોઈ શકયતા નથી. આ ઉપરાંત સેમેસ્ટર સિસ્ટમ દૂર કરવા અંગે પણ સરકારે હજુ સુધી કોઈ નિર્ણય ન કરતાં હવે આ વર્ષે સેમેસ્ટર સિસ્ટમ દૂર નહીં થાય તે પણ નક્કી થઈ ચુક્યું છે. આમ, સેમેસ્ટર સિસ્ટમ દૂર નહીં થાય અને નિર્ધારીત સમયમાં પ્રવેશ પ્રક્રિયા પણ પૂરી થાય તેમ નથી.

# એસએસવી સ્કૂલની ટૉપર ધનશ્રી પટેલનું સન્માન



તાજેતરમાં જાહેર થયેલા એસએસસીના પરિણામમાં એસએસવી સ્કૂલની વિદ્યાર્થિની ધનશ્રી પટેલે ગાંધીનગર કેન્દ્રમાં સાતમા ક્રમાંક સાથે સ્કૂલમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. કેમ્પસ ડિરેક્ટર શૈલેષ રાજગોર દ્વારા શાળા પરિવાર વતી ધનશ્રીને બિરદાવવામાં આવી હતી.

# આ ચોમાસે વિદ્યાર્થીઓ અને વાલીઓની હેરાનગતિ ટળશે

અમદાવાદ, તા. ૨૯

પાણી ભરાયેલાં હોય અને તે ઓળંગીને શાળાએ જવાનું હોય ત્યારે માતાપિતાનો જીવ અદ્ધર થઈ જાય તે સ્વાભાવિક છે. પરંતુ હવેથી આની ચિંતા શાળાના તંત્રએ પણ કરવી પડશે. સરકાર દ્વારા શાળાઓ અને શિક્ષણ અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે ભારે વરસાદની સ્થિતિમાં ડીપ, નાળું, પુલ, અન્ડરપાસ વગેરે જેવા સ્થળ સાઈકલ પર ઓળંગીને આવતાં વિદ્યાર્થીઓની જુદી યાદી બનાવી અને તેમના માતાપિતાના નંબર પણ રાખે.આ પાછળનો હેતુ એવો છે કે ઘેરથી સલામત નીકળેલ બાળક વરસાદી પાણીમાં કોઈ મુશ્કેલીમાં ન મૂકાય કે રસ્તામાં અટવાય નહીં.

### ગુજરાત સરકાર દ્વારા ‘મા’ અને ‘મા વાત્સલ્ય’ યોજનામાં

# લાભની મર્યાદા વધારીને ત્રણ લાખ કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

‘મા’ અને ‘મા વાત્સલ્ય’ યોજના હેઠળ સરકારે નિયત કરેલા પ્રોસિજર ઉપરાંત કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને પેન્ક્રિયાસ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવારની પ્રોસિજરનો ઉમેરો કર્યો છે. સરકાર દ્વારા ઉપરોક્ત તમામ ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રોસિજર માટે લાભની મર્યાદા પ્રતિ વર્ષ, પ્રતિ કુટુંબ રૂ. પાંચ લાખ નક્કી કર્યા છે. જેની અમલવારી ‘મા‘ અને ‘મા વાત્સલ્ય’ યોજનાના તમામ લાભાર્થીઓ માટે કરવામાં આવશે. સિવિલ કેમ્પસમાં આવેલી કિડની હોસ્પિટલમાં આવતા મોટાભાગના દર્દીઓને યોજનાના લાભની સાથેસાથે અત્યાધુનિક સારવારનો લાભ મળી શકશે.

અત્યાર સુધી આ યોજના હેઠળ હૃદય મગજ અને કિડનીને લગતી ઘનિષ્ઠ સારવાર બર્ન્સ, કેન્સર, ગંભીર ઈજાઓ તેમજ નવજાત શિશુઓના રોગો જેવી ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ. બે લાખ સુધીની કેશલેશ સારવાર આપવામાં આવતી હતી. ઉપરોક્ત બીમારીઓ માટે નિયત સારવાર પેકેજીસ નકકી કરાયા હતા. જે અનુસાર યોજના હેઠળ કરારબદ્ધ હોસ્પિટલમાં લાભાર્થીને સારવારનો લાભ મળવાપાત્ર થતો હતો, પરંતુ હવે સરકારે કિડની, લીવર અને પેન્ક્રિયાસના ટ્રાન્સપ્લાન્ટને યોજનામાં આવરી લેતા આવનારા ભવિષ્યમાં સંખ્યાબંધ દર્દીઓને તેનો લાભ થઈ શકશે.

ઉલ્લેખનીય છે કે, ‘મા વાત્સલ્ય’ યોજના હેઠળ રૂ. ત્રણ લાખ કે તેથી ઓછી પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારોને યોજનાના તમામ લાભ મળવાપાત્ર થતા હતા ત્યારે હવે ‘મા વાત્સલ્ય’ યોજના હેઠળ વાર્ષિક છ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સિટીઝન્સનો સમાવેશ કરવાનું નક્કી કરાયું છે. તે સંદર્ભે સિનિયર સિટિઝન્સ એટલે કે ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા વ્યકિતઓ કે જે ગુજરાતના રહેવાસી છે તેમને યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

ગુજરાત સરકારે ‘મા’ અને ‘મા વાત્સલ્ય’ યોજનામાં આપવામાં આવતા લાભની મર્યાદા રૂ. બે લાખથી વધારી રૂ. ત્રણ લાખ કરી છે. જેથી હવે ઉપરોક્ત યોજનાના તમામ લાભાર્થીઓને યોજના હેઠળ નિયત કરેલી હોસ્પિટલમાં નિયત કરાયેલી ગંભીર બીમારીઓ અને પ્રોસિજરો માટે વાર્ષિક રૂ. ત્રણ લાખ સુધીની કેશલેશ સારવાર આપવામાં આવશે.

# અહીં ઘડિયાળ તો બધા રાખે છે પરંતુ સમયને કોઈ સાચવતું નથી

ગાંધીનગર, તા. ૨૮

જીવનમાં સર્વાંગી પ્રગતિ કરવી હોય તો ‘સમય વ્યસ્થાપન’ હોવું જરૂરી છે. ‘સમય વ્યવસ્થાપન’નાં અનેક લાભો છે. જેમ કે, સૌપ્રથમ તો વ્યક્તિની કાર્યક્ષમતા વધે, સાથે જ શરીર અને મન પણ સ્વસ્થ રહે. તણાવમાં ઘટાડો થાય. માનવીય સંબંધો પણ સુધરે છે, એમ રામકૃષ્ણ આશ્રમ-રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ રવિવારે અમદાવાદ ખાતેના રામકૃષ્ણ વિવેકાનંદ સેન્ટર ખાતે ‘ટાઈમ મેનેજમેન્ટ-સમય વ્યવસ્થાપન’ અંગેના પ્રવચન અંતર્ગત જણાવ્યું હતું. સ્વામી નિખિલેશ્વ-રાનંદજીએ જણાવ્યું કે, ભારતીયો માટે ‘સમયબદ્ધતા’ અંગે ખૂબ જ ગંભીર ટીપ્પણી કરવામાં આવતી હોય છે અને આપણે જ આપણા સ્વાભિમાનને ઘટાડતા હોઈએ તેમ ‘ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ’ - કહીને મોડું કરીએ છીએ. આ વાત યોગ્ય નથી. એ પણ એટલું જ જરૂરી છે કે, પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળુ અનુકરણ નથી કરવાની, પરંતુ સ્વામી વિવેકાનંદજી પણ કહેતાં હતાં કે, જ્યાંથી પણ સારું મળે તેનો સ્વીકાર કરવો જોઈએ ત્યારે સમયબદ્ધતા એ ટાઈમ મેનેજમેન્ટનો જ એક ભાગ છે.

સ્વામીજીએ જણાવ્યું કે, એક જાપાનીઝે ભારતીયો માટે ટીપ્પણી કરી હતી કે, અહીં ઘડિયાળ બધા રાખે છે, પરંતુ સમયને કોઈ સાચવતું નથી. જો સમયને ન સાચવવામાં આવે તો માનસિક તણાવ ઉત્પન્ન થાય છે. ઘણીવાર એવું કહેવાય છે કે, સમય એ પૈસા જેટલો કિંમતી છે, પરંતુ સમય એ તો પૈસા-રૂપિયા કરતાં પણ કિંમતી છે. ગયેલા પૈસા-રૂપિયા પરત આવી શકે, પરંતુ ગયેલો સમય પાછો આવી શકતો નથી. સમય કોઈના માટે રોકાતો નથી.

# એ-૧ ગ્રેડ મેળવનારા ગાંધીનગરના તારલા



ધનશ્રી પટેલ | પ્રિત પટેલ | જયશીલ બુદ્ધદેવ | શુભમ પટેલ | અભિ પટેલ | રુહાની પટેલ | હિરક પટેલ | અભિજીતસિંહ મીના | સિદ્ધ એન્જિનીયર | તીર્થ પટેલ



પ્રયાગરાજ ચૌધરી | ખુશ ઠેકડી | દેવર્ષ પટેલ | કૃતજ્ઞ પટેલ | માનવ પટેલ | વિશ્વા પટેલ | દિશાંક પટેલ | હેતવી રામાણી | વિવેક મિશ્રા | દેવ પટેલ



વિશ્વા પટેલ | લય પટેલ | આદિત્ય જોષી | નિસર્ગ પટેલ | નીલ મહેતા | કૃપા ઠક્કર | જાહ્નવી શાહ | હેત સોલંકી | મૌલી પટેલ | વેદાંત પટેલ



કેયા નાઈક | દિયા ભાવસાર | તેજ ચૌહાણ | કૃપિલ ઠક્કર | અવી યાદવ | નીલ ઠાકરે | રિયા દવે | નૂપુર ભાવસાર | રોહન ભીમજિયાણી | ધૃવ ત્રિવેદી



અતુલ મકવાણા | ઋત્વી સરવૈયા | કર્મ પટેલ | વિનીત શર્મા | ઓમ મહેતા | જય દેસાઈ | નંદિની સુથાર

એસએસસીની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરનારા શહેર, જિલ્લા, રાજ્યના સૌ વિદ્યાર્થીઓને ‘ગાંધીનગર સમાચાર’ હાર્દિક અભિનંદન પાઠવે છે અને આગામી સમયમાં પણ ન માત્ર શિક્ષણના ક્ષેત્રમાં, પરંતુ પ્રત્યેક ક્ષેત્રમાં આવી જ જ્વલંત સફળતા વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે તેવી તેમને શુભકામનાઓ પણ પાઠવે છે.

- સંપાદક